**ગૌરવ** | ભાવનગર બંદર ખાતે કોલસા ભરેલા જહાજમાં

# એક જ દિવસમાં 19 હજાર ટન કાર્ગો ડિસ્ચાર્જનો રેકોર્ડ નોંધાયો

## ડ્રેજીંગની અનેક સમસ્યાઓ વચ્ચે પણ નોંધપાત્ર કામગીરી

ભાવનગર | 6 સપ્ટેમ્બર

ભાવનગર બંદર પર બેસિનમાં અને ચેનલમાં ડ્રેજીંગની અનેક સમસ્યાઓ વચ્ચે પણ બુધવારે કાર્ગો ડિસ્ચાર્જનો રેકોર્ડ નોંધાયો છે. ભાવનગર પોર્ટના ઈતિહાસમાં એક જ દિવસમાં 19 હજાર ટન કાર્ગો ડિસ્ચાર્જ કરવાનો રેકોર્ડ સ્થાપિત થયો છે.

છેલ્લા પાંચ વર્ષથી ભાવનગર બંદર ખાતે કાર્ગો લઈને આવતા જહાજની કામગીરીમાં ગતિ આવી છે. તેના કારણે વધુ જહાજો પણ અત્રે આવી રહ્યા છે. આ અગાઉ શિપ એમ.વી.સ્ટાર એથેનામાંથી એક જ દિવસમાં 17,959 ટનનો કાર્ગો ઉતારવાનો રેકોર્ડ ગત વર્ષે શિપ એમ.વી.ચાર્લિમાંથી 18,400 ટન કાર્ગો ડિસ્ચાર્જ કરવામાં આવ્યો હતો. ગત તા.2ના રોજ ભાવનગર બંદર પર નિરમાનો 53,814 ટન કોલસો લઈને આવેલા એમ.વી. સી-રાઈડરમાંથી બુધવારે એક જ દિવસમાં 19,477 ટન કોલસો ડિસ્ચાર્જ કરી અને નવા બંદરે લાવવામાં આવ્યો છે.

ભાવનગર બંદર ખાતેની આ નોંધપાત્ર અને ઝડપી કામગીરીને કારણે નવા ઈમ્પોર્ટરો પોતાના જહાજ અને કાર્ગો અહીંયા લાવવા માટે ઈન્કવાયરી કરી રહ્યા છે. ડ્રેજીંગની સમસ્યા નિવારવા તંત્ર ધ્યાન આપે તે પણ આવશ્યક છે.



**તમામના સહકારથી જ આ શક્ય બની શકે છે**



ભાવનગર પોર્ટ ખાતે કાર્ગો ડિસ્ચાર્જના છેલ્લા 3 વર્ષમાં 17 હજાર ટનથી વધુના રેકોર્ડ બન્યા છે. સરકારી ઝડપી કામગીરી, તમામ સ્ટાફના પુરતા સહયોગ અને સ્ટીવીડોર્સની સુજબુજથી આ રેકોર્ડબ્રેક કામગીરી શક્ય બની શકી છે. » કેપ્ટન સુધિર ચઢ્ઢા, પોર્ટ ઓફિસર, જીએમબી, ભાવનગર